સરકારી વિનયન કોલેજ
કપરાડા.. જી.વલસાડ.
આવક નં. 178
તારીખ 20/08/22

# સરકારી વિનયન કૉલેજ, કપરાડા

તા. 13/08/2022

## 'રન ફોર તિરંગા' કાર્યક્રમનો અહેવાલ

સરકારી વિનયન કૉલેજ, કપરાડાના શૈક્ષણિક વર્ષ 2022-23માં માનનીય ઉચ્ચ શિક્ષણ કમિશ્નશ્રીની કચેરી, ગાંધીનગરના આદેશ અને પ્રાચાર્યશ્રીના માર્ગદર્શન અનુસાર આઝાદી કા અમૃત મહોત્સવ અને 'હર ઘર તિરંગા' કાર્યક્રમ અંતર્ગત આજ રોજ તા. 13/08/2022 ના રોજ 11:30 કલાકે આપણા રાષ્ટ્રધ્વજને આન, બાન અને શાન સાથે 'રન ફોર તિરંગા' યાત્રાનું આયોજન કરવામાં આવેલ. આ યાત્રા પ્રાચાર્યશ્રી ડૉ. ડી. એન. દેવરીસાહેબે વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપી શરૂ કરાવી. સદર કૉલેજથી શરૂ થયેલી 'રન ફોર તિરંગા' યાત્રા કપરાડા પોલીસ સ્ટેશન સુધી જઈ, કપરાડા મુખ્ય બજારમાંથી પસાર થઈ કપરાડા બસ ડેપો સુધી ગઈ હતી. સમગ્ર યાત્રા દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્રભક્તિના સુત્રોચ્ચાર સાથે 'ઝંડાગીત' પણ ગાવમાં આવ્યું. તેમજ 'હર ઘર તિરંગા' અંતર્ગત લોકોને રાષ્ટ્રધ્વજ વિતરણ પણ કરવામાં આવ્યા. સાથે સાથે લોકોને રાષ્ટ્રધ્વજના પ્રોટોકોલની પણ સમજ આપવામાં આવી. યાત્રા દરમિયાન પ્રાચાર્યશ્રી ડૉ. ડી. એન. દેવરી સાહેબ વિદ્યાર્થીઓ સાથે રહી તેમનો ઉત્સાહ વધારતા રહ્યા. 'રન ફોર તિરંગા' યાત્રાનું સંચાલન કૉલેજના પીટીઆઈ શ્રી એસ. એન. ટંડેલે સફળતાપૂર્વક કર્યું.

આ કાર્યક્રમમાં કુલ ૯૬ વિદ્યાર્થીઓ અને ૧૧ સ્ટાફ મિત્રો હાજર રહ્યા.

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.